# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

**વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સભા આજ તા.૧૩/૦૮/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.**

**જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા**

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

| અનુ.નં | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | શ્રી સતિષભાઈ ગંગારામભાઈ પટેલ | ચેરમેનશ્રી | હાજર |
| ૨ | શ્રી સંદિપભાઇ અમૃતભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૩ | શ્રી યોગેશભાઇ રામુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪ | શ્રી કૌશિક પ્રલાદભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫ | શ્રીમતી સુનિતા ઉમેશચંદ્ર તિવારી | સભ્યશ્રી | હાજર |
| ૬ | શ્રી દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૭ | શ્રીમતી દેવલ દિપકભાઇ દેસાઇ | સભ્યશ્રી | હાજર |
| ૮ | તસ્લીમ સુલ્તાન બાબુલ | સભ્યશ્રી | હાજર |
| ૯ | શ્રી ભવલેશ જીવરાજભાઇ કોટડીયા | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રીમતી મનીશાબેન દિનેશભાઇ દાયમા | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | શ્રીમતી ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | શ્રીમતી જેતલ મંગેશ પટેલ | સભ્યશ્રી | હાજર |

આજની સભામાં કોરમ થવાથી સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

- સભાની શરૂઆત પહેલાં ચેરમેનશ્રી દ્વારા **તા. ૧૩/૦૮/૨૦૨૬** ના રોજ આપણા વિસ્તારમાં દેશપ્રેમ અને એકતાના પ્રતિક સમી **'તિરંગા યાત્રા'** નુ ભવ્ય અને અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું. આ તિરંગા યાત્રાને અત્યંત ઉત્સાહપૂર્વક, શિસ્તબદ્ધ રીતે અને સફળ બનાવવામાં સભ્યશ્રીઓ અને કર્મચારીઓએ દેશભક્તિના રંગે રંગાઈને આ યાત્રામાં સક્રિય ભાગીદારી નોંધાવી. આ યાત્રા થકી નાગરિકોમાં દેશપ્રેમ, રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદર અને એકતાનો અદ્ભુત સંદેશ પહોંચાડવામાં સફળતા મળી છે. આ સફળતા બદલ **સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ના ચેરમેનશ્રી દ્વારા** તમામ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ રાત-દિવસ મહેનત કરનાર કર્મચારી ભાઈ-બહેનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યું. ત્યારબાદ સભાની શરૂઆત એજન્ડાનાં કામ નં.૧ થી કરવામાં આવી.

**કામ નં. ૦૧ - વાપી મહાનગરપાલિકાની તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે રાખવામાં આવેલ મીટીંગ ભારે વરસાદના કારણે મુલતવી રાખવામાં આવેલ હતી જે મુલતવી રાખવામાં આવેલ મીટીંગ તા.૨૪/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૦૧.૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે મળી હતી. જે સ્થાયી સમિતિની મીટીંગમાં લેવામાં આવેલ કુલ કામ નં.૦૧ થી ૩૨ અન્વયે થયેલ ચર્ચા વિચારણા બાદ સ્થાયી સમિતિમાં લેવામાં આવેલ નિર્ણય અર્થે થયેલ ઠરાવ નં.૬૨ થી ૯૩ ને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૯૪**

FOR INFORMATION PURPOSE

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

.................................................................................................................................................

**કામ નં. ૦૨ - વાપી મહાનગરપાલિકાના NH-48 પર આવેલ MRF Tyers થી T. K. Battery Auto Electricals સુધી 900 મી.મી. ડાયા RCC NP -3 પાઇપ પૂરી પાડવા, સપ્લાઈ કરવા તથા લાઇન નાખવાની કામગીરી કરાવવા બાબત.**

વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ બલીઠા નેશનલ હાઇવે ખાતે સિવિલ હોસ્પિટલના પાછળના ભાગના રહેણાક વિસ્તારમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે વારંવાર વરસાદી પાણીનો ભરવો થતો હોવાથી સ્થાનિક રહેવાસીઓને અવરજવર તેમજ દૈનિક જીવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સદર સમસ્યાના કાયમી નિરાકરણ માટે વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવી જરૂરી હોવાથી NH-48 પર આવેલ MRF Tyers થી T. K. Battery Auto Electicals સુધી 900 મી.મી. ડાયા RCC NP -3 પાઇપ નાખવાની કામગીરી કરવાની જરૂરીયાત છે. સદર કામગીરી પૂર્ણ થતાં સિવિલ હોસ્પિટલના પાછળના ભાગના વરસાદી પાણીનો ઝડપી અને સુચારું નિકાલ થઈ શકશે. સદર કામ વર્ષ 2025-26 ના મંજૂર વાર્ષિક ભાવે કરવાનું થાય છે. જેનો અંદાજિત ખર્ચ રૂ. 2269756/- થાય છે. સદરહુ કામને મંજુર કરવાનું તથા જરૂરી ચુકવણું કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૯૫**

- વધુમાં ઉપરોકત કામની તમામ જરૂરી માહિતી જેવી કે પ્લાન, એસ્ટીમેન્ટ, થયેલ કામગીરી અંગેનો રીપોર્ટ પાણી પુરવઠા ચેરમેનશ્રીને ધ્યાને મૂકી આગામી સ્થાયી સમિતિમાં રજુ કરવાનું કહેવામાં આવ્યું

**કામ નં. ૦૩ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ચલા મેઈન રોડથી શ્રધ્ધા હોસ્પિટલ રોડ ઉપર વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર પાઈપ ડ્રેઈન નાખવાનું કામ બાબત.**

વાપી મહાનગરપાલિકાના ચલા વિસ્તારમાં આવેલ ચલા મેઈન રોડથી શ્રધ્ધા હોસ્પિટલ રોડ ઉપર વરસાદી પાણીના નિકાલ માટેની હયાત ગટર જર્જીત હાલતમાં હોય જેના કારણે ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોય જેના કારણે ડ્રેનેજ વિભાગ દ્વારા તોડી નાંખવામાં આવેલ હોય જેથી વાહન ચાલકો અને ત્યાંના સ્થાનિક લોકોનાં ઘરો અને સદર રોડ મારફતે અવર-જવર કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.સદર રોડ અને સ્થાનિક લોકોનાં ઘરમાં પાણીનો ભરવો થતો હોય છે.જેથી ઉપરોકત જગ્યાએ સ્ટ્રોમ વોટર પાઈપ ડ્રેઈન નાખવાની કામગીરી કરવામાં આવે તો સદર પ્રશ્નનું નિરાકરણ લાવી શકાય એમ છે. જે ધ્યાને લઈ બાંધકામ વિભાગ તરફથી જરૂરી સ્થળ તપાસ કરી વાપી મહાનગરપાલિકાનાં સને-૨૦૨૫-૨૦૨૬ નાં મંજુર થયેલ વાર્ષિકભાવે અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.7,63,600/- થાય એમ છે. જે વિગતો ધ્યાને લઈ સદર કામગીરી કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૯૬**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

..........................................................................................................................................

**કામ નં. ૦૪ - વાપી મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ વહીવટી ખર્ચની ગ્રાન્ટના કામો નક્કી કરવા બાબત**

રાજયમાં નવી ૦૯ વાપી મહાનગરપાલિકામાં વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. નવ રચિત મહાનગરપાલિકાઓમાં લોકોને પાયાની સુવિધાઓ સુચારું રૂપથી પૂરી પાડી શકાય અને વિવિધ વિકાસના કામો યોગ્ય રીતે હાથ ધરી શકાય તે હેતુથી સેવાઓ પૂરી પાડવા માટે માનવબળની જરૂરિયાત ધ્યાને લઈ વહીવટ ખર્ચ માટે ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- UDUHD/0046/07/2026 તા.16/07/2026ના હુકમથી સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે રૂ.૧૪.૪૪/- કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જે ફાળવેલ રકમમાં રૂ.૧૦/- કરોડ બિન શરતી ફાળવવામાં આવેલ છે તથા રૂ.૪.૪૪/- કરોડ શરતી ફાળવવામાં આવેલ છે. જેમાં શરતી ફાળવણી માટે ૪૮% મહેકમ ખર્ચ મર્યાદા તથા મિલકત વેરાની વસુલાત ૭૫% થી વધુ હોય તો ૧૦૦% રકમ ફાળવણી, ૬૦% થી ૭૫% સુધી હોય તો ૯૦% રકમ ફાળવણી, ૪૫% થી ૬૦% સુધી હોય તો ૭૫% રકમ ફાળવણી, ૪૫% થી ઓછી હોય તો ૫૦% રકમ ફાળવણી, રકમ કરવામાં આવનાર છે. વાપી મહાનગરપાલિકાની સને ૨૦૨૫-૨૬ની મિલકત વેરાની વસુલાત ૯૨.૨૩% થયેલ છે. જેથી વાપી મહાનગરપાલિકાને શરતી ફાળવણીની રકમ ૧૦૦% મળવાપાત્ર થાય છે. આમ, વાપી મહાનગરપાલિકાને કૂલ ૧૪.૪૪/- કરોડની રકમ મળવાપાત્ર થાય છે. જે મળવાપાત્ર રકમ નીચેના કામ માટે વાપરવા માટેની મંજુરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ કામને બહાલી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

(૧) કરાર આધારિત, આઉટ સૌર્શિંગ, રોજિંદા અને કાયમી કર્મચારીઓના પગાર,ભથ્થા ખર્ચ

(૨) વાપી મહાનગરપાલિકાની કચેરીઓ, વિવિધ મિલ્કતો ખાતે સિક્યુરિટી પૂરા પાડવાનું કામ

(૩) આઉટ સૌર્શિંગથી વાહનો પૂરા પાડવાનું કામ

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૯૭**

**કામ નં. ૦૫ - વાપી મહાનગરપાલિકામાં આવેલ વિવિધ વિસ્તારના મુખ્ય માર્ગ પર એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ લગાવવાના કામોની ગ્રાન્ટ ફાળવણી કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકામાં આવેલ વિવિધ વિસ્તારના મુખ્ય માર્ગ પર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ લગાવવાના કામો નીચે મુજબ છે.

**કામ નં.૧** – વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૧) NH48 રોડ સર્વિસ રોડથી બલીઠા ત્રિવેણી સોસાયટી સુધી, (૨) બલીઠા આહિર ફળિયાથી બલીઠા ગણેશ નગર સુધી, (૩) બલીઠા આહિર રોડથી બલીઠા કબ્રસ્તાન રોડ, (૪) છાણીયા ફળિયાથી બલીઠા દુબનિયા ફળિયા, (૫) બલીઠા મેરિલ એકેડેમીથી આહીરવાડ અને ખોડિયાર નગર રોડ સુધી, (૬) બલીઠા સ્મશાન ભૂમિથી NH 48 રોડ સુધી, (૭) કેવડી ફળિયા મેઈન રોડથી પટેલ ફળિયા સુધી, (૮) ચલા ઝંડા ચોક રોડથી ચોકી ફળિયા પ્રાથમિક શાળા સુધી, (૯) ચન્ડોર ભંડારવાડથી મોટી કોલીવાડ નામધા વાયા કાકરી શેરી, (૧૦) ચણોદ ગામ સુચિત વોર્ડ ઓફિસથી દેસાઈવાડ આરાધના સ્કૂલ સુધી, (૧૧) છરવાડા રામ વાડી વિસ્તારથી, (૧૨) છરવાડા ગણેશ મેગા માર્ટથી શ્રી વિદ્યાનિકેતન સ્કૂલ સુધી, (૧૩) છરવાડા હિમતસિંહ પાર્ક વિસ્તાર, (૧૪) છરવાડા કડિયાલાલા રોડ, (૧૫) છરવાડા પટેલ ફળિયા મૌલી મેડિકલથી જલારામ મંદિર સુધી, (૧૬) છરવાડાથી બલીઠા કેનાલ રોડ, (૧૭) છરવાડાથી છીરી કેનાલ રોડ, (૧૮) વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના જૂના અંડર પાસથી સરસ્વતી નગર ટાંકી ફળિયા મેઇન રોડ સુધીના માર્ગ ઉપર નવી LED સ્ટ્રીટ લાઇટ લગાવવાનું કામ. Tender ID : 289248 (Online) (PKG-8) ( ટેન્ડર મંજૂરીની રકમ રૂ.3.70 કરોડ)

**કામ નં. ૨**– વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ (૧) છીરી રામ નગર મેઈન રોડ અને ઈન્ટરનલ થી પંચવટી એપાર્ટમેન્ટ સુધી, (૨) છીરી કેનાલ મેઈન રોડ થી કોચરવા બોર્ડર સુધી, (૩) છીરી દેસાઈવાડ રોડ, (૪) છીરી એવરશાઈન ઈન્ડસ્ટ્રીઝ રોડ થી ગાલામશાલા રોડ સુધી, (૫) છીરીગાલા મસાલા વિસ્તાર, ગાયત્રી નગર, રજા ગલી, શાંતિ

FOR INFORMATION PURPOSE

.......................................................................................................................................................

નગર, મહાદેવ નગર, (૬) છીરી કંચનનગર થી સલવાવ પ્રહલાદ બાગ બોર્ડર સુધી, (૭) દાદરી મોરા મેઈન રોડ થી સિલવાસા રોડ થી સ્મશાન ભૂમિ સુધી, (૮) હરિયા પાર્ક થી કણબીવાડ થી દમણગંગા નદી સુધી, (૯) પીરમોરા રોડ સેલવાસ રોડ થી ડુંગરા કોલોની મેઈનરોડ, (૧૦) કરવડ દેસાઈવાડ રોડ અને જીઆઈડીસીને કનેક્ટેડ રોડ, (૧૧) કરવડ તમ્બાડી ફાટક રોડ, (૧૨) કરવડ સુચિત વોર્ડ ઓફિસ થી દાદરા બોર્ડ રસુધી, (૧૩) નમધા મોટા ધોડિયાવાડ થી નામધા મેઈન રોડ, (૧૪) નામધા સુચિત વોર્ડ ઓફિસથી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર સુધીના માર્ગ ઉપર નવી LED સ્ટ્રીટ લાઇટ લગાવવાનું કામ. Tender ID : 289251 (Online) (PKG-9) ( ટેન્ડર મંજૂરીની રકમ રૂ.૩.૪૫ કરોડ)

**કામ નં. 3 –** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ (૧) કુંતા મેઈન રોડથી કુંતા મંદિર રોડ સુધી, (૨) કુંતા બાવરી ફળિયા રોડથી, (૩) કુંતા મેઈન રોડથી તરકપારડી રોડ, (૪) કુંતા મેઈન રોડથી સ્મશાન ભૂમિ રોડ, (૫) મોરાઈ ઓવર બ્રિજ પર, (૬) મોરાઈ ઈન્ડસ્ટ્રીયલ પાર્કથી વ્રજ ઈન્ડસ્ટ્રીઝ અને ચેકપોસ્ટથી (૭) મોરાઈ વોર્ડ ઓફિસથી વેલસ્પન કોલોની રોડ, (૮) સલવાવ ભવાની માતા મંદિરથી સ્મશાન ભૂમિ ત્રણ રસ્તા સુધી, (૯) સલવાવ દાદરી ફળિયાથી રોડ શૈલેશભાઈના ઘર સુધી, (૧૦) સલવાવ દાદરી ફળિયાથી કુંભારવાડ વાયા ધોડિયાવાડ (૧૧) સલવાવ દાદરી ફળિયા ચોકડીથી સ્મશાન ભૂમિ સુધી, (૧૨) સલવાવ કુંભારવાડથી પ્રહલાદબાગ બોર્ડર સુધી, (૧૩) સલવાવ ધનાવાડી ત્રણ રસ્તાથી મહાલક્ષ્મી માતા મંદિર સુધીના માર્ગ ઉપર નવી LED સ્ટ્રીટ લાઇટ લગાવવાનું કામ. Tender ID : 289253 (Online) (PKG-10) ( ટેન્ડર મંજૂરીની રકમ રૂ.૩.૧૪ કરોડ)

**કામ નં. ૪ –** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ (૧) વટાર મેઈન રોડથી કોટેશ્વર મહાદેવ મંદિર સુધી, (૨) વટાર દેસાઈવાડ રોડથી બ્રમદેવ મંદિર રોડ સુધી, (૩) વટાર ડુંગરી ફળિયા રોડથી 66kv સબસ્ટેશન રોડ, (૪) વટાર આઈ.ટી.આઈ. થી કુંતા મેઈન રોડ, (૫) વટાર PHC થી વેલી ફ્લોર સુધીનો રોડ, (૬) વટાર વેલસ્પન કોલોનીથી કલ્વર્ટ અને કનેક્ટેડ રોડથી કોલવર્ટથી સૂર્યા રેસીડેન્સી અને કુંતા વડોલી ફળિયા સુધીના માર્ગ, (૭) ડુંગરા ઝરી ફળિયા વિસ્તાર માર્ગ, (૮) ડુંગરા આપાજી ફળિયા વિસ્તાર, (૯) ડુંગરા ડુંગરી ફળિયા ઇન્ટરનલ રોડ આઝાદ નગર, આહીર ફળિયા, ડીસન્ટ હોટલની ગલી, એકતા નગર, વેલકમ ગલી, મિલત નગર, (૧૦) ડુંગરા સીલવાસા રોડથી નવી નગરી અને યુસુફ નગર ઇન્ટરનલ રોડ, (૧૧) ડુંગરા મંગલમ કોલોની અને વિજય નગર ઇન્ટરનલ રોડ, (૧૨) મોટી સુલપડ અને નાની સુલપડ ઇન્ટરનલ રોડ સુધીના માર્ગ ઉપર નવી LED સ્ટ્રીટ લાઇટ લગાવવાનું કામ. Tender ID : 289256 (Online) (PKG-11) ( ટેન્ડર મંજૂરીની રકમ રૂ.૨.૧૫ કરોડ)

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ વિવિધ વિસ્તારના મુખ્ય માર્ગ પર એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ લગાવવાના કામો કરવા માટે દૈનિક પેપરમાં જાહેર નિવિદા પ્રસિદ્ધ કરી નિયમોનુસાર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવેલ હતા. જે કામે આવેલ ભાવોને વાપી મહાનગરપાલિકાની તા.૨૨/૦૬/૨૦૨૬ ના રોજની સ્થાયી સમિતિના ઠરાવ ક્રમાંક ૪૬(૧૧)(૧) હેઠળથી મંજૂર કરવામાં આવેલ છે. સદર કામો વાપી મહાનગરપાલિકાના સને ૨૦૨૬-૨૭ ના બજેટમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે સરકારશ્રી દ્વારા આપવામાં આવનાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ લેવામાં આવેલ છે. સદર કામો હાલે કરાર હેઠળ હોય ઉપરોક્ત દર્શાવેલ કામોને બજેટમાં કરેલ જોગવાઈને આધિન સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની મળનાર ગ્રાન્ટમાં આવરી લઈ કામોની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવા અર્થે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની થાય છે. જે વિગતોને ધ્યાને લઈ ઉક્ત કામોની સને ૨૦૨૬-૨૭ના વર્ષની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની આવનાર સંભવિત ગ્રાન્ટમાં લેવાનું સર્વાનુમતે ઠરવવામાં આવે છે. તથા સદર હું કામે ગ્રાન્ટ ફાળવણી અંગેની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચેરમેનશ્રી સ્થાયી સમિતિને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૯૮**

FOR INFORMATION PURPOSE

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

...........................................................................................................................................

**કામ નં. ૦૬ - ૧૫મુ નાણાપંચની સને ૨૦૨૧-૨૨ (સ્પેશીયલ હપ્તો(ટાઇડ)) ની ગ્રાન્ટ માંથી બિલનું ચૂકવણું કરવા બાબત.**

વાપી મહાનગરપાકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા નીચે દર્શાવેલ લીસ્ટ મુજબ કામ કરવામાં આવેલ છે. જે કામગીરી અંગેના બીલ ઠેકેદારશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ છે. જેથી નીચે મુજબ બીલનું ચૂકવણું કરવાના થાય છે.

| ક્રમ | વિગત | ઠેકેદારની વિગત | તારીખ | બિલ નંબર | બિલ તારીખ | રકમ |
|---|---|---|---|---|---|---|
| 1 | Providing, Supplying, Installation & Commissioning of SCADA System with One Year Operation and Maintenance at Vapi Municipality Head Water Works of Vapi Municipality under the 15th Finance Scheme (Second Attempt) | Varni Projects | 23-10-2024 | RB2. (ગ્રાંટમાંથી) | 10-03-2026 | ૫૦૬૮૪૫ |
| | | | | RB2. (સ્વભંડોળમાંથી) | | ૧૯૯૫૧૨ |
| TOTAL | | | | | | ૭૦૬૩૫૭ |

ઉપરોક્ત કામ માટે આ અંગેની આગળની કાર્યવાહી કરવા તથા જરૂરી ચુકવણું નિયમોનુસાર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૯૯**

- **ઉપરોક્ત થયેલ કામગીરી નો રીપોર્ટ મેળવવા માટે પાણી પુરવઠા સમિતિ ચેરમેનશ્રીને જાણ કરી.**

**કામ નં. ૦૭ - વાપી મહાનગરપાલિકાનાં પાણી વિભાગમાં ૨૦૨૬-૨૭ નાં વર્ષ માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગ (સ્વભંડોળ)ઈ- ૧૧-૧-૧ હેડમાં માં ફાળવેલ બજેટમાં વધારો કરી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગનું ચુકવણું કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ હેડ ઈ -૧૧-૧-૧ માટે રૂ. ૧૦,૦૦,૦૦૦.૦૦ ફાળવવામાં આવેલ હતા.સદરહુ કામે બજેટમાં અપ્રિલ માસના બીલ બજેટ ઉપર લીધા પછી રૂ. ૧,૯૪,૦૫૦.૦૦ ની બચત રહેલ છે. હાલે ઠેકેદારોના બિલો અત્રેની કચેરીએ જમા કરાવવામાં આવેલ છે જેની અંદાજિત રકમ ૩૫,૦૦,૦૦૦,૦૦ જેટલી થાય છે જેની વિગત નીચે મુજબ જણાવેલ છે.તેમજ ચાલુ વર્ષમાં રૂ.૧,૦૦,૦૦,૦૦૦.૦૦ (૧ કરોડ) ના રેઇન વોટર હાર્વેસ્ટિંગના બીલોનું ચુકવણું કરવાનું થાય તેવી સંભાવના છે. જેથી પાણી પુરવઠા વિભાગમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ(સ્વભંડોળ) ઈ- ૧૧-૧-૧ હેડમાં રૂ.૧,૭૫,૦૦,૦૦૦/-(એક કરોડ પંચ્યોતેર લાખ) નો વધારો પુરક બજેટ બનાવતી વખતે ધ્યાને લેવા તથા બજેટ વધારાની સૂચવેલ રકમ સુધીનો ખર્ચ ચાલુ વર્ષે કરવાની જરુરીયાત છે.

| અનં. | તારીખ | ઠેકેદારનું નામ | ખર્ચની વિગત | અંદાજીત ૨૦૨૬-૨૭ માટે ફાળવેલ રકમ રૂ. | અગાઉ થયેલ ખર્ચ | સદર કામનો ખર્ચ | કુલ ખર્ચ રૂ. | બચત ખર્ચ રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૪/૨૦૨૬ | પ્રજ્ઞા એજન્સી | રેઇન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર બનાવેલ તેના બિલનાં | ૧૦,૦૦,૦૦૦/- | ૦ | ૮,૦૫,૯૫૦/- | ૮,૦૫,૯૫૦/- | ૧,૯૪,૦૫૦ |

ઉપરોક્ત બાબતે આજની સભામાં ચર્ચા વિચારના કરતા રેઇન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરની ડિઝાઈન, પ્લાન, મંજુર થયેલ ભાવ, કરવાના થતા કામની સંખ્યા વિગેરે તમામ બાબતો અંગે પાણી પુરવઠા, ચેરમેનશ્રી સાથે ચર્ચા કરી આગામી સ્થાયી સમિતિમાં રજુ કરવાની સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૦**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

.....................................................................................................................................................

**કામ નં. ૦૮ - સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિકભાવે વાપી મહાનગરપાલિકા માટે વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીની કામગીરી કરવાના કામ બાબતે નેગોશીયેશન બાદના ભાવ મંજુર કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકા ધ્વારા સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિકભાવે વાપી મહાનગરપાલિકા માટે વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીની કામગીરી કરવાના કામે ઓનલાઇન ભાવપત્રકો મંગાવવામાં આવેલ હતા.જે કામે આવેલ ભાવપત્રકો પૈકી બે એજન્સીના માન્ય ભાવપત્રકોના તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ ફાઈનાન્સિયલ બીડ ખોલવામાં આવેલ છે. જેની સરખામણી પત્રક તૈયાર કરવામાં આવેલ છે. જેમાં આવેલ ભાવપત્રકમાં ક્રિષ્ના વિડિયોની પસંદગી કરવામાં આવેલ હતી. તે બાદ એજન્સી ક્રિષ્ના વિડિયોને નેગોશીયેશન માટે જણાવેલ છે. જે બાબતે એજન્સી ધ્વારા ભરવામાં આવેલ નેગોશીયેશન બાદના ભાવ નીચે મુજબ છે.

| અ.નં. | કામનું નામ | ભાવ | ભરેલ ભાવ | નેગોશીયેશન બાદના ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ફોટોગ્રાફી | ૪ કલાકનો ભાવ | ૪૦૦૦ | ૩૮૦૦ |
| ૨ | ફોટોગ્રાફી | ૮ કલાકનો ભાવ | ૭૦૦૦ | ૬૫૦૦ |
| ૩ | વિડીયોગ્રાફી | ૪ કલાકનો ભાવ | ૪૦૦૦ | ૩૮૦૦ |
| ૪ | વિડીયોગ્રાફી | ૮ કલાકનો ભાવ | ૭૦૦૦ | ૬૦૦૦ |
| ૫ | ડ્રોન કેમેરાથી ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી | ૪ કલાકનો ભાવ | ૪૭૦૦ | ૪૫૦૦ |
| ૬ | ડ્રોન કેમેરાથી ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી | ૮ કલાકનો ભાવ | ૭૦૦૦ | ૬૫૦૦ |
| ૭ | ફોટાની હાર્ડ કોપી | ૧ નંગ ફોટો | ૩૦ | ૩૦ |

ઉપરોકત કામે કરવામાં આવેલ ઓનલાઈન ટેન્ડર ના વાર્ષિક ભાવોમાં બે એજન્સીના ભાવપત્રકો આવેલ હતા જે માન્ય રહેતા આવેલ ભાવપત્રક તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ ખોલવામા આવેલ છે. જેમા ક્રિષ્ના વિડિયોની પસંદગી કરવામાં આવેલ હતી. તે બાદ ક્રિષ્ના વિડિયો એજન્સી ને નેગોશીયેશન માટે જણાવેલ છે. જેમાં નેગોશીયેશન બાદના ભાવ વાજબી અને ઓછા હોય તથા સદર હું ટેન્ડર ઓનલાઈન કરવામાં આવેલ હોય તેમાં બે કલાક કરી શકાય તેમ ન હોય જેથી ક્રિષ્ના વિડિયોના ભાવો મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.તથા આ અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને તથા કરાર કરવાની સત્તા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૧**

**કામ નં. ૦૯ - વાપી મહાનગરપાલિકાના નીચે મુજબના બિલ ગ્રાન્ટ/સ્વભંડોળમાંથી ચુકવણું કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકા નીચે મુજબ ગ્રાન્ટ અને વિવિધ કોન્ટ્રાકટર બિલોની અત્રે રજૂ કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

| અ.નં. | ગ્રાંટનું નામ | પાર્ટી નામ | રકમ | રિમાકર્સ |
|---|---|---|---|---|
| ૧ | ૧૩ CR (મુખ્ય મંત્રી શહેરી સડક યોજના) | સાર્થક કોન્સલ્ટન્ટસ, સુરત | ૭૭૫૫૬૪/- | હાલમાં ગ્રાન્ટ ઉપલબ્ધ નથી ગ્રાન્ટ પૂર્ણ થયેલ છે |
| ૨ | ૧૩ CR (મુખ્ય મંત્રી શહેરી સડક યોજના) | સાર્થક કોન્સલ્ટન્ટસ, સુરત | ૨૬૧૩૧૩/- | હાલમાં ગ્રાન્ટ ઉપલબ્ધ નથી ગ્રાન્ટ પૂર્ણ થયેલ છે |
| ૩ | ગ્રાન્ટ નામ દર્શાવેલ નથી | પિતૃકૃપા વિદાન વર્કસ | ૬૦૨૧૩૪૪/- | કઈ ગ્રાન્ટ/ સ્વભંડોળ માથી ચૂકવણું કરવું |

ઉપરોક્ત દર્શાવેલ કામ બાબતે અનુ.ક્રમ.નં.૦૧ અને ૦૨ જે ગ્રાન્ટ મળ્યેથી ચુકવણું કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા અનુ.ક્રમ.નં.03 નું ચુકવણું ગ્રાન્ટ મળ્યાથી પરત કરવાની શરતે ચુકવણું કરવામાં આવેલ છે જેને બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૨**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

.......................................................................................................................

**કામ નં. ૧૦ - પાણી પુરવઠા વિભાગ તથા સેનિટેશન વિભાગને લગતા હેતુ માટે વાપી મહાનગરપાલિકા હદમાં આવેલ સરકારી જમીનોની કરેલ દરખાસ્તોને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકા ધ્વારા નગરજનોના હિતમાં વિવિધ યોજનાકીય કામો માટે પાણી પુરવઠા અને સેનિટેશન વિભાગને જરૂરી જમીનો ફાળવવા માટે કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેકટર કચેરી, વલસાડને કામની અગત્યતાને ધ્યાને લઇ દરખાસ્ત કરેલ હતી. જે દરખાસ્તની વિગતો નીચે મુજબ છે. જે દરખાસ્તની કરેલ કાર્યવાહીને આજની સભામાં બહાલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદર હું કામે પ્રીમીયમની રકમ ભરવાની થાય તો તે રકમ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડમાંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે આ કામે આગામી સામાન્ય સભાની બહાલી અર્થે રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| અ.નં | સરકારી જમીનની વિગતો | જમીન માંગણી અંગે કરેલ દરખાસ્તનો પત્ર નંબર તથા તારીખ | જમીનનું ક્ષેત્રકળ (ચો.મી.) | જમીન માંગણીનો હેતુ |
|---|---|---|---|---|
| ૧ | મોજે-કરવડ રી.સ.નં.૧૪૪૯ (જુના સ.નં.૯૦૨૧) | જા.નં.ટી.પી./રજી.૧/વશી.૪૪૭/૨૦૨૫-૨૬, તા.૦૬-૧૨-૨૦૨૫ | ૧૦૦૦.૦૦ | પાણી પુરવઠાના હેતુસર |
| ૨ | મોજે-વટાર રી.સ.નં.૧૪૧૦ (જુના સ.નં.૯૦૨૧) | જા.નં.ટી.પી./રજી.૧/વશી.૪૪૯/૨૦૨૫-૨૬, તા.૦૬-૧૨-૨૦૨૫ | ૧૦૦૦.૦૦ | પાણી પુરવઠાના હેતુસર |
| ૩ | મોજે-કરવડ સી.સ.નં.૮૫૫ (જુના સ.નં.૫૯૧) | જા.નં.ટી.પી./રજી.૧/વશી.૪૪૮/૨૦૨૫-૨૬, તા.૦૬-૧૨-૨૦૨૫ | ૧૦૦૦.૦૦ | પાણી પુરવઠાના હેતુસર |
| ૪ | મોજે-કરવડ રી.સ.નં.૧૦૭૦ (જુના સર્વે નં-૭૪૩) | VPMC/TP/e-file/5905/2026/0498/Town planning department dt-30/06/2026 | ૯૯૧૫.૦૦ | ઘન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ બાબત. |
| ૫ | મોજે-મોરાઈ રી.સ.નં.૧૫૩ (જુના સ.નં.૪૫) | VPMC/TP/e-file/5905/2026/0515/Town planning department dt-29/07/2026 | ૬૦૦૦.૦૦ | સેનેટરી લેન્ડફિલ(SLF) (ઈનર્ટ કચરા તથા પ્રોસેસ રિજેક્ટ્સ) |
| ૬ | મોજે-કરવડ રી.સ.નં.૧૪૪૯ (જુના સ.નં.૯૦૨૧) | VPMC/TP/e-file/5905/2026/0535 /Town planning department dt-29/07/2026 | ૪૦૦૦.૦૦ | C&D વેસ્ટ બાબત |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૩**

- વાપી મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગરરચના યોજના-૧ ગુજરાત સરકારશ્રી ધ્વારા તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મંજુર થયેલ છે.સદર હું નગરરચના યોજનામાં રસ્તાઓના કબજા મહાનગરપાલિકાને મળેલ છે. તેથી જરૂરીયાત મુજબના રસ્તાઓ કે જ્યાં મહાનગરપાલિકાને વિવિધ જાહેર હેતુ માટે રીઝર્વ કરેલ જમીનો પ્રાપ્ત થઇ શકે તેમ છે તેવા રસ્તાઓ પ્રથમ તબક્કામાં તથા બાકીના રસ્તાઓ પણ ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી ઝડપથી બનાવવાનું નક્કી કરવામાં આવે છે. આ સાથે રસ્તાની સાથે પીવાના પાણીની લાઈન, સીવરેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ તથા વરસાદી પાણીની પાઈપલાઈનનું કામ પણ સાથે થાય તેવું આયોજન કરવાનું રહેશે.

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

**કામ નં. ૧૧ - નવા અંડરપાસથી કસ્ટમ ફ્રન્ટીયર રોડને જોડતા ચલા ચોકી ફળિયાના રસ્તાને વાયડનીંગ કરવા માટે સંપાદન કાર્યવાહી કરવા બાબત.**

મોજે.વાપીનાં પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતી એક કનેક્ટિવિટી ચોકી ફળિયાથી વલસાડ રોડને જોડતો અંડરપાસ છે.તેમજ વાપીનો હંગામી ફાટક બંધ થયા બાદ વાપીની જનતા ઈસ્ટ-વેસ્ટ અવરજવર માટે વધુમા વધુ ચોકી ફળિયાનાં નવા અંડરપાસનો ઉપયોગ કરતી હોવાથી નવા અંડરપાસ થી કસ્ટમ ફ્રન્ટિયરને જોડતા રોડ ઉપર દરરોજ ટ્રાફિકની સમસ્યા ઊભી થતી હોય છે.

હાલ ચલા થી ચોકી ફળિયા(અંડરબ્રિજ થી કસ્ટમ રોડને જોડતો રસ્તો) નો રસ્તો ૩.૫ થી ૫ મીટર જેટલી પહોળાઈનો ઉપલબ્ધ છે.પરંતુ ઈસ્ટ-વેસ્ટ કનેક્ટિવિટી માટે સદરહુ રોડનો વધુ વપરાશ થતો હોવાથી ટ્રાફિકનું ભારણ ઓછું કરવા માટે ચોકી ફળિયાનાં રસ્તાની બંને બાજુ ઉપલબ્ધ જગ્યા મુજબ સંપાદન કરી ૧૨ મીટરની પહોળાઈનો રસ્તો કરવા તથા કબ્રસ્તાન રોડ તરફના રસ્તાને પણ ૧૨ થી ૧૫ મીટર કરવા સંપાદનની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદર હું કામગીરી માટે કરવામાં આવતા ખર્ચ તથા સંપાદનની રકમ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડમાંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે આ કામે જે જે સર્વે નંબરોની જમીન સંપાદન કરવાની થાય તે અંગે જરૂરી સર્વે કરી વિગતો મેળવી નિયમોનુસાર મેં.કલેકટરશ્રીને દરખાસ્ત કરવા માટે મેં.કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકાને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે તથા આ અંગેની તમામ કાર્યવાહી કરવા માટે આગામી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ દરખાસ્તની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૪**

**કામ નં. ૧૨ - ને.હા.નં.૪૮ થી વલસાડ રોડને જોતાં નવા અન્ડર બ્રીજને લાગુ સર્વિસ રોડ પહોળો કરવા માટે સંપાદનની કાર્યવાહી કરવા બાબત.**

મોજે.વાપીનાં પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડવા માટે નવો અંડરપાસ બનાવેલ છે. જે અંડરપાસને પૂર્વ તરફ નેશનલ હાઇવે ૪૮ ને જોડતા સર્વિસ રોડની પહોળાઈ ઓછી હોવાથી સર્વિસ રોડ ઉપર ટ્રાફિકનું દબાણ રહે છે.

જે અન્વયે જણાવવાનું કે, સદરહુ સર્વિસ રોડ ઉપર પૂરતી સલામતી અને અડચણ વગરનાં વાહનવ્યવહાર માટે સર્વિસ રોડની પહોળાઇમાં વધારો થવો જરૂરી છે. પરંતુ સર્વિસ રોડને લાગુ ખાનગી માલિકીની છે. તેથી સર્વિસ રોડને લાગુ ખાનગી માલિકોની જગ્યા માંથી ૨ મીટર જેટલી જગ્યા સર્વિસ રોડ માટે સંપાદન કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદર હું કામગીરી માટે કરવામાં આવતા ખર્ચ તથા સંપાદનની રકમ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડમાંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે આ કામે જે જે સર્વે નંબરોની જમીન સંપાદન કરવાની થાય તે અંગે જરૂરી સર્વે કરી વિગતો મેળવી નિયમોનુસાર મેં.કલેકટરશ્રીને દરખાસ્ત કરવા માટે મેં.કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકાને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે તથા આ અંગેની તમામ કાર્યવાહી કરવા માટે આગામી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ દરખાસ્તની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૫**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

..............................................................................................................................................

**કામ નં. ૧૩ - ગઝાલાં અનવર ખાન, વાપીની વિકાસ પરવાનગીના કામે શરતચૂકથી બે વખત ભરાયેલ સેકન્ડ પેમેન્ટની રકમ પરત કરવા બાબત.**

અરજદારશ્રી નેહલ.એ.રાણા એ અત્રેની કચેરીએ સંદર્ભ હેઠળના પત્ર દ્વારા જણાવેલ કે તેઓ દ્વારા ઓનલાઇન ODPS પર ગઝાલા અનવરખાન નામે બાંધકામ વિકાસ પરવાનગી હેતુસર પ્રકરણ રજૂ કરેલ. જે તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ અપૂવ થયેલ. ડેના સંબંધીત ફીસ ૬,૬૩,૧૧૪.૦૦ રૂપિયા ભરવા તેઓને SMS દ્વારા જાણ થયેલ હતી. જે તેઓએ ઓનલાઇન ODPS પર ભરવાને બદલે ભૂલથી તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ વાપી મહાનગરપાલિકાની કચેરી ખાતે RTGS થી ભરી દીધેલ છે. જે ચેકની નકલ આ સાથે રજૂ કરેલ છે. તેઓએ ઓનલાઇન ODPS પર ફીસ ભરવાની હોય ઉપરોક્ત ભરાયેલ ફીસ રિફંડ કરવા રજૂઆત કરેલ છે.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે અરજદારશ્રીએ હાલ ઓનલાઇન ODPS પર સદર ફીસ ભરેલ છે અને તેઓની બાંધકામ વિકાસ પરવાનગીની અરજી મંજૂર થયેલ છે. આમ, તેઓ દ્વારા બે વાર ફીસ ભરાયેલ હોઈ તેઓને અત્રેની કચેરી ખાતે RTGS થી ભરેલ ૬,૬૩,૧૧૪.૦૦ રૂપિયા પરત કરવાના થાય છે. જેથી અરજદારશ્રીને ૬,૬૩,૧૧૪.૦૦ રૂપિયા પરત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૬**

**કામ નં. ૧૪ - વાપીના ચલા ખાતે આવેલ સ્વીમીંગ પુલમાં સ્વીમીંગની તાલીમ માટે ખાનગી કોચને રોકવાની મંજૂરી આપવા બાબતેની આવેલ અરજીઓ પરત્વે નિર્ણય થવા બાબત.**

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ અરજદારશ્રી જિતેન્દ્ર સોલંકીની મળેલ અરજી અને મુખ્યમંત્રી કાર્યાલય ખાતેથી તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ અરજદારશ્રી ડો. વિદ્યાધર સુધાકર નવલની મળેલ અરજી હેઠળના પત્રથી સ્વીમીંગ કોચની નિમણૂક બાબતની અરજદારશ્રી જિતેન્દ્ર સોલંકી અને ડો. વિદ્યાધર નવલની અરજી મળેલ છે. જેમાં બંને અરજદારશ્રીઓ દ્વારા અગાઉ વાપી નગરપાલિકાના સ્વીમીંગપુલના કોચ શ્રી પ્રલવ પુજારીની સ્વીમીંગ કોચ તરીકે નિમણુક કરવા માટે વિનંતી કરેલ છે.

ઉપરોક્ત રજુઆત બાબતે જણાંવવાનું કે વહીવટદારશ્રી વાપી મહાનગરપાલિકાના તા.૩૦/૦૩/૨૦૨૬ના ઠરાવ નંબર-૧૫૨ મુજબ સ્વીમીંગપુલના સંચાલન માટે મેસર્સ જે. જી. પ્રોજેક્ટ એન્ડ સપ્લાયર કો. એજન્સીના પ્રોપ્રાઇટર શ્રી ગણપત પટેલને ૩ મહિનાના સમયગાળા માટે અથવા ટેન્ડર દ્વારા નવી એજન્સીની નિમણુંક થાય ત્યાં સુધી (જે વહેલું હોય તે) તમામ કામગીરી સોંપવામાં આવેલ છે. ત્યારબાદ અત્રેની કચેરી દ્વારા તા. ૦૧/૦૭/૨૦૨૬થી ૨ મહિનાના સમયગાળા માટે આજ એજન્સીને અથવા ટેન્ડર દ્વારા નવી એજન્સીની નિમણુંક થાય ત્યાં સુધી (જે વહેલું હોય તે) ફરીથી કામગીરી સોંપવામાં આવેલ છે. અત્રેની કચેરી દ્વારા ઉક્ત એજન્સીને O & M ની કામગીરી, સ્ટાફ/કામદારો (સ્વીમીંગ કોચ, હેલ્પર, સિક્યુરિટી ગાર્ડ વિ.) નિમણુંક કરવા વિગેરે કામગીરી સોંપવામાં આવેલ છે. જેથી હાલ અત્રેની કચેરીએથી કોચની નિમણુંક કરવામાં આવેલ નથી. વધુમાં જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા ટેન્ડરીંગ પધ્ધતીથી એજન્સી નક્કી કરવાની કાર્યવાહી ટુંક સમયમાં થનાર છે. જેમાં ટેન્ડરની શરતો મુજબ કોચ તથા તરવૈયાની વ્યવસ્થા એજન્સી દ્વારા કરવાની થતી હોય. જેથી આ બાબતે ચર્ચા કરવામાં આવી કે બહારથી અલગથી કોઈ કોચને પરવાનગી આપવી કે નહીં એ બાબતે ટેન્ડર થયા બાદ એજન્સી દ્વારા નક્કી કરી આગળની કાર્યવાહી કરવાનું જણાવવામાં આવ્યું.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૭**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

**કામ નં. ૧૫ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વ.જ.મુ.મં.શ.વિ.યો. અંતર્ગત સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પ્રોજેકટના કામને હેન્ડીંગ ઓવર કરવા બાબત.**

સ્વ.જ.મુ.મં.શ.વિ.યો. અંતર્ગત વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પ્રોજેકટની કામગીરી જા.નં.જી.યુ.ડી.સી./પ્રોજેકટ/પી.આઈ.યુ.સુરત/સ્ટ્રો.વોટર/વાપી/હે.ઓ.ટે.ઓ./૨૮૯/૨૦૨૫ તા.૨૨/૦૮/૨૦૨૫ હેઠળના પત્રમાં જણાવ્યા મુજબ ઇજારદારશ્રી એન.પી.પટેલ એન્ડ કં. અમદાવાદ દ્વારા ટેન્ડરની શરતો તથા નકશા મુજબ પરિપૂર્ણ કરવામાં આવેલ છે. જેની સીધી દેખરેખ પી.એમ.સી. માર્સ પ્લાનિંગ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસિસ પ્રા. લિ. અમદાવાદ દ્વારા કરવામાં આવેલ છે. જે કામનો ટ્રાયલ રનનો સમયગાળો ત્રણ માસનો હોવાથી જા.નં.જી.યુ.ડી.સી. /પ્રોજેકટ /પી.આઈ.યુ.સુરત/ સ્ટ્રો.વોટર/વાપી/હે.ઓ.ટે.ઓ./૨૮૯/૨૦૨૫ તા.૨૨/૦૮/૨૦૨૫ હેઠળના પત્રથી ઇજારદારશ્રી અને પી.એમ.સી. માર્સ પ્લાનિંગ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસિસ પ્રા. લિ. અમદાવાદમાં જણાવ્યા મુજબ સદર પ્રોજેકટની ટ્રાયલ રનની કામગીરી તા.૦૧/૦૪/૨૦૨૫ થી શરૂ કરી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન સંતોષકારક રીતે પરિપૂર્ણ કરેલ એમ જણાવવામાં આવેલ છે. સદર પ્રોજેકટ મરામત અને નિભાવણીની કામગીરી બે વર્ષ સુધી ઇજારદારશ્રી દ્વારા કરવાની થાય છે. જેની મરામત અને નિભાવણીની કામગીરી ઇજારદારશ્રી દ્વારા તા.૨૮/૦૧/૨૦૨૬ થી શરૂ કરવામાં આવેલ છે. વધુમાં માન.કમિશ્નર સાહેબશ્રી, મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય, ગાંધીનગર, Letter No.COMA/0143/5/2023, Dt:08/05/2023 હેઠળના પત્ર મુજબ ટેન્ડરની જોગવાઇ મુજબ મરામત અને નિભાવણીની કામગીરી ઇજારદારશ્રીના કોન્ટ્રાકટમાં સમાવિષ્ટ હોય ત્યાં મહાનગરપાલિકા દ્વારા પ્રોજેક્ટનો હવાલો સંભાળવાનો રહેશે ત્યારબાદ મરામત અને નિભાવણીની કામગીરી ઇજારદારશ્રી દ્વારા અમલીકરણ એજન્સી તથા મહાનગરપાલિકાના સંકલનમાં રહીને કરવાની હોય. આમ, ઉપરોક્ત પ્રોજેક્ટનું યોગ્ય ટેસ્ટીંગ અને ચકાસણી થયેલ હોય હેન્ડીંગ ઓવર/ટેકિંગ ઓવર કરવા અંગે બહાલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા હેન્ડીંગ ઓવર મેળવ્યેથી મરામત અને નિભાવણીનો સમયગાળો ગણવાનો રહેશે. જે અંગેની જાણ GUDCને કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૮**

**કામ નં. ૧૬ - વાપી મહાનગરપાલિકા હસ્તકની વર્ગ-૩ જગ્યાઓના ભરતી/બઢતીના નિયમો મંજુર કરવા બાબત**

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં. KV-11 of 2025 - UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.01-01-2025 થી નવરચિત વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. જેમાં વાપી નગરપાલિકા ઉપરાંત આસપાસના કુલ-૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ગામોમાં નામધા, ચંડોર, બલિઠા, છીરી, છરવાડા, સલવાવ, વટાર, કુંતા, તરકપારડી, મોરાઈ, ચણોદ, કરવડનો સમાવેશ થયેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં. UDUHD/1191/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ થી નવરચિત મહાનગરપાલિકા હસ્તકની ધી ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોપોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ-૪૫ અને કલમ-૫૧(૪)ની જોગવાઈ હેઠળ વર્ગ-૧ અને વર્ગ-૨ ની વૈધાનિક જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ હેઠળના પત્રથી વાપી મહાનગરપાલિકાની વર્ગ-૨ અને વર્ગ-૩ની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં. UDUHD/1191/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ અને ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ હેઠળના પત્રથી સરકારશ્રી ધ્વારા ઉભી કરવામાં

FOR INFORMATION PURPOSE

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

આવેલ જગ્યાઓને વાપી મહાનગરપાલિકામાં અપનાવવા માટે સેટઅપ મુજબની જગ્યા મંજૂર કરવા માટે માન.વહીવટદારશ્રી દ્વારા ઠરાવ નં.૪૫૧, તા.૦૬.૧૦.૨૦૨૫ થી ઠરાવ કરવામાં આવેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના પરીપત્ર નં.UDUHD/0406/01/2025, તા.૧૩/૦૧/૨૦૨૫ થી જણાવ્યાનુસાર મહાનગરપાલિકાઓ હસ્તકની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ સીધી ભરતી GPSC મારફત કરવા જણાવેલ છે.વધુમાં વર્ગ-૩ની જગ્યાઓ જે તે મહાનગરપાલિકાને ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૯/૦૭/૨૦૨૫ થી આપેલ શરતો તથા સરકારશ્રીના વખતોવખત ના નિયમો ને આધીન મહાનગરપાલિકાએ ભરવાની થાય છે. જેથી ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૯/૦૭/૨૦૨૫ હેઠળથી મંજુર થયેલ વર્ગ-૩ સંવર્ગના ભરતી/બઢતીના નિયમો આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ મંજુર કરવાના થાય છે. જેને મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ કામને બહાલી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| Cadre Code | જગ્યાનું નામ | Name of Post | RR Annexure |
|---|---|---|---|
| C01 | પ્લાનિંગ આસીસ્ટન્ટ | Planning Assistant | Annexure-C01 |
| C02 | ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | Office Superintendent | Annexure-C02 |
| C03 | વિજીલન્સ અધિકારી | Vigilance Officer | Annexure-C03 |
| C04 | આસિસ્ટન્ટ લેબર અધિકારી | Assistant Labour Officer | Annexure-C04 |
| C05 | ઈ.ડી.પી. મેનેજર | Electronic Data Processing Manger | Annexure-C05 |
| C06 | હાર્ડવેર એન્જીનિયર | Hardware Engineer | Annexure-C06 |
| C07 | અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) | Additional Assistant Engineer(Civil) | Annexure-C07 |
| C08 | અધિક મદદનીશ ઈજનેર(મીકેનિકલ) | Additional Assistant Engineer(Mechanical) | Annexure-C08 |
| C09 | અધિક મદદનીશ ઈજનેર(ઈલેક્ટ્રીકલ) | Additional Assistant Engineer(Electrical) | Annexure-C09 |
| C10 | ટ્રાન્સપોર્ટ મેનેજર | Transport Manger | Annexure-C10 |
| C11 | એસ્ટેટ અધિકારી | Estate Officer | Annexure-C11 |
| C12 | સેનેટરી ઇન્સપેકટર | Sanitary Inspector | Annexure-C12 |
| C13 | આસિસ્ટન્ટ લીગલ ઓફિસર | Assistant Legal Officer | Annexure-C13 |
| C14 | બાગાયત સુપરવાઇઝર | Horticulture Supervisor | Annexure-C14 |
| C15 | સબ ફાયર ઓફિસર | Sub Fire Officer | Annexure-C15 |
| C16 | ટેક્ષ ઇન્સપેકટર | Tax Inspector | Annexure-C16 |
| C17 | ડેપ્યુટી એકાઉન્ટન્ટ/ડેપ્યુટી ઓડિટર | Deputy Account/Deputy Auditor | Annexure-C17 |
| C18 | ફૂડ સેફટી ઓફિસર | Food Safety Officer | Annexure-C18 |
| C19 | લાઈબ્રેરીયન | Librarian | Annexure-C19 |
| C20 | ટેકનીકલ સુપરવાઇઝર(પર્યાવરણ) | Technical Supervisor (Environment) | Annexure-C20 |

FOR INFORMATION PURPOSE

| | | | |
|---|---|---|---|
| C21 | હેડ કલાર્ક | Head Clerk | Annexure-C21 |
| C22 | આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ/આસિસ્ટન્ટ ઓડિટર | Assistant Accountant/Assistant Auditor | Annexure-C22 |
| C23 | વર્ક આસિસ્ટન્ટ | Work Assistant | Annexure-C23 |
| C24 | ફુડ સેફટી ઇન્સપેકટર | Food Safety Inspector | Annexure-C24 |
| C25 | સબ સેનેટરી ઇન્સપેકટર | Sub Sanitary Inspector | Annexure-C25 |
| C26 | સર્વેયર | Surveyor | Annexure-C26 |
| C27 | સબ રજીસ્ટ્રાર | Sub Registrar | Annexure-C27 |
| C28 | સીનીયર કલાર્ક | Senior Clerk | Annexure-C28 |
| C29 | મદદનીશ લાઇબ્રેરીયન | Assistant Librarian | Annexure-C29 |
| C30 | લાઈવસ્ટોક ઇન્સપેકટર | Livestock Inspector | Annexure-C30 |
| C31 | અંગત મદદનીશ | Personal Assistant | Annexure-C31 |
| C32 | ફિલ્ડ સુપરવાઇઝર | Field Supervisor | Annexure-C32 |
| C33 | કલાર્ક | Clerk | Annexure-C33 |
| C34 | લીડીંગ ફાયરમેન/જમાદાર | Leading Fireman/Jamadar | Annexure-C34 |
| C35 | મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઇઝર | Multi Purpose Health Supervisor | Annexure-C35 |
| C36 | લેબોરેટરી ટેકનીશયન | Laboratory Technician | Annexure-C36 |
| C37 | ફાર્માસીસ્ટ | Pharmacist | Annexure-C37 |
| C38 | સ્ટાફ નર્સ | Staff Nurse | Annexure-C38 |
| C39 | ફીમેલ હેલ્થ સુપરવાઇઝર | Female Health Supervisor | Annexure-C39 |
| C40 | ફીમેલ હેલ્થ વર્કર | Female Health Worker | Annexure-C40 |
| C41 | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | Multi Purpose Health Worker | Annexure-C41 |
| C42 | ડ્રેસર/કેસ રાઈટર | Dresser/Case Writer | Annexure-C42 |
| C43 | ડ્રાયવર | Driver | Annexure-C43 |
| C44 | ડ્રાયવર (ફાયર) | Driver(Fire) | Annexure-C44 |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૦૯**

FOR INFORMATION PURPOSE

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

.........................................................................................................................................

**કામ નં. ૧૭ - વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગ ધ્વારા વિવિધ દરખાસ્ત મુજબના અલગ અલગ માસમાં થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિગત અનુસાર પત્રક-અ તથા પત્રક-બ મુજબ વિવિધ કામના થયેલ/થનાર ખર્ચની તે સાથે સામેલ વિગત અનુસાર સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીથી કરાવેલ કામોએ થયેલ રૂા.૧૦૦૦/- કરતા વધુ રકમના થયેલ/થનાર ખર્ચ તથા રૂા.૫૦૦૦/-થી વધુ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક UDUHD/MSM/e-file/18/2025/0773/P Section તા.૧૨.૦૨.૨૦૨૫થી રૂ.૫૦૦૦૦૦/- સુધીની રકમના થયેલ/થનાર ખર્ચની ધી.જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૭૩(ઘ)(ઊ) અન્વયે સ્થાયી સમિતિને જાણ કરવાની થાય છે. જેને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | ખાતાનું નામ | પત્રક-અ | | પત્રક-બ | |
|---|---|---|---|---|---|
| | | કામની સંખ્યા | ખર્ચ રૂ./- | કામની સંખ્યા | ખર્ચ રૂ./- |
| ૧ | આઈ.ટી. વિભાગ | ૦૪ | ૧,૧૫,૨૯૫ | ૦૦ | ૦૦ |
| ૨ | જાહેર બાંધકામ વિભાગ | ૨૧ | ૧,૮૯,૩૮,૬૩૧ | ૦૪ | ૮૭,૩૬૨ |
| ૩ | હિસાબી વિભાગ | ૦૧ | ૧૨,૦૦૦ | ૧૪ | ૨,૪૮,૨૫,૯૨૧ |
| ૪ | જન સંપર્ક વિભાગ | ૦૪ | ૧,૯૭,૮૧૨ | ૦ | ૦ |
| ૫ | ટાઉન પ્લાનીંગ | ૦૫ | ૪૯,૩૬,૭૬૪ | ૦૫ | ૧૦,૮૭૮ |
| ૬ | વહીવટી/મહેકમ | ૨૪ | ૯૪,૪૮,૬૩૮ | ૫૧ | ૧,૧૦,૧૦,૩૪૦ |
| ૭ | એસ્ટેટ વિભાગ | ૦૩ | ૭,૦૫,૨૩૦ | ૦૩ | ૮,૦૪૮ |
| ૮ | એસ્ટેટ વિભાગ | ૦૪ | ૪,૩૨,૫૦૦ | ૦ | ૦ |
| ૯ | ઈલેક્ટ્રિક વિભાગ | ૧૩ | ૧૯,૫૧,૩૩૬ | ૦૩ | ૧૨,૧૩૯ |
| ૧૦ | ઘરવેરા વિભાગ | ૦૮ | ૧,૫૨,૩૩,૦૧૦ | ૦૪ | ૮,૩૫૪ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૧૦**

- **વધુમાં આજની સભામાં મામુ ચાય પાસે પાણીનો વાલ્વ મુકવા રજૂઆત કરવામાં આવી.જેને મંજુર કરવામાં આવેલ છે.**
- **મેરોથીયા સ્કુલ થી બહ્મ્દેવ મંદિર સુધી તથા નવા બનાવવામાં આવેલ ઈન્ટેકવેલથી નવી નાખવામાં આવેલ પાણીની લાઈન માંથી ડ્રિસ્ટ્રીબ્યુશન લાઇન નાંખવા માટે જરૂરી પ્લાન એસ્ટીમેન્ટ તૈયાર કરી આગામી સભામાં રજુ કરવા સુચના આપવામાં આવી.**
- **રજૂઆત કરવામાં આવી કે મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ નવા ગામોમાં હાલમાં ચાલતી GWSSB હસ્તકની પ્રોપર્ટી (ઇન્ટેક, ટાંકી, સંપ વિગેરે) મહાનગરપાલિકા હસ્તક લેવા માટે સંબધિત વિભાગમાં જાન કરવી જેથી સમાવેશ થયેલ ગામોમાં મહાનગરપાલિકા ધ્વારા યોગ્ય પાણીનું વિતરણ કરી શકાય. તથા તમામ વોટરવર્કસ ખાતે DG મુકવા માટે પણ રજૂઆત કરવામાં આવી.**
- **વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગટરના ઢાંકણા એક સરખા અને એક કલર ના રાખવાથી જરૂરી ઓળખ પણ ઉભી કરી શકાય તેમ છે.**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૩/૦૮/૨૦૨૬

........................................................................................................................................

- વાપી મહાનગરપાલિકામાં સ્વચ્છતા અંગે ઝુંબેશ કરવા માટે તથા નગરજનો તથા બાળકોને ગંદકીથી થતા નુકશાન વિષે સમજ આપવી.
- હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરવા કે હોટલનો તમામ કચરો હોટલ ધ્વારા સીધો ગટરમાં નાખે નહિ તેની ચકાસણી કરવી.

આમ, ઉપરોક્ત બાબતો અંગે જે તે સંબધિત વિભાગ ધ્વારા અમલવારી કરવાની રહેશે.

----સહિ----
(સતીષભાઈ ગંગારામ પટેલ)
ચેરમેન,સ્થાયી સમિતિ
વાપી મહાનગરપાલિકા

FOR INFORMATION PURPOSE